

સોનગઢના પાંચપીપળામાં રેતી લીઝ ફાળવાઈ નથી ત્યાં મોટાપાયે રેતીખનન, બિન અધિકૃત રેતીખનન સામે ભૂસ્તરે કોઈ કાર્યવાહી ન કરતાં ગ્રામજનોએ લેખિત ફરિયાદ કરવા જિલ્લા સેવાસદન સુધી લાંબા થવું પડ્યું

રેતીમાફિયાને સીધાદોર કરો

# પાણીનું વહેણ રોકી રેતીખનન

**ભૂસ્તર** વિભાગ પોતાની ફરજ પ્રત્યેની વફાદારી નિભાવવામાં નિષ્ફળ રહ્યો હોય તેમ સરપંચ અને ગ્રામજનોની ફરિયાદ પણ ટલ્લે ચઢાવે છે



વ્યારા: તાપી જિલ્લામાં ભૂસ્તર વિભાગની કચેરી અને તેમાં ફરજ બજાવતા કર્મચારીઓનો રેતી-માટી માફિયાઓ સામે પનો ટૂંકો પડ્યો છે. વાલોડમાં માટી તસ્કરી હોય કે પછી જિલ્લામાં તાપી, પુર્ણા, ઝાંખરી, ગીરા નદીઓ પર રેતી માફિયાઓનું સામાજ્ય છે. ભૂસ્તરની કોઇ પકડ દેખાતી નથી. ભૂસ્તર પર ભુમાફિયાઓ હાવિ થઈ જતાં સ્થાનિકોની જીવન જરૂરિયાતની પ્રાથમિક સુવિધાઓ પર તરાપ મુકાયો છે. વાલોડમાં સરપંચની માટી માફિયાઓ વિરુદ્ધની ફરિયાદનું ફીંડલું વાળી દેનાર ભૂસ્તર વિભાગની કામગીરી સોનગઢનાં પાંચપીપળા ગામના લોકોની રેતી તસ્કરીની ફરિયાદને લઈ ફરી એકવાર શંકાના દાયરામાં મુકાઇ છે. ભૂસ્તર વિભાગ પોતાની ફરજ પ્રત્યેની વફાદારી નિભાવવામાં નિષ્ફળ રહ્યો હોય તેમ સરપંચ અને ગ્રામજનો કે જાગૃત નાગરિકોની ફરિયાદ પણ ટલ્લે ચઢાવી વહીવટી તંત્રને પડકારતું જોવા મળ્યું છે. ઘાંસિયામેઢામાંથી થોડાક વર્ષો પહેલાં બોગસ રોયલ્ટીનું આવું જ કૌભાંડ એલસીબીએ પકડી પાડ્યું હતું. કરોડોના રોયલ્ટી કૌભાંડમાં સ્થાનિક ભૂસ્તરની સંડોવણી પણ ખુલ્લી પડી હતી. પાંચપીપળામાં જ્યાં રેતીની લીઝ ફાળવાઈ નથી તે સ્થળેથી મોટાપાયે રેતી ઉલેચવામાં આવી રહી છે, ત્યારે ભૂસ્તરે આ બિનઅધિકૃત રેતીખનન સામે કોઇ પગલાં નહીં ભરતાં ગ્રામજનોની રેતી તસ્કરી કૌભાંડ અટકાવવા આવેદન આપવાની ફરજ પડી છે.

સોનગઢના પાંચપીપળા ગામે છેલ્લા ઘણા સમયથી ચાલતા બિન અધિકૃત રેતીખનન સામે ભૂસ્તરે કોઇ કાર્યવાહી ન કરતાં ગ્રામજનોએ લેખિત ફરિયાદ કરવા જિલ્લા સેવાસદન સુધી લાંબા થવું પડ્યું છે. પાંચપીપળાનાં લોકોનું કહેવું છે કે, ઘાંસિયામેઢામાં લીઝ ફાળવાઇ, પરંતુ રેતી પાંચપીપળા ગામના હદ વિસ્તારમાંથી કાઢવામાં આવી રહી છે. જેના કારણે આ વિસ્તારમાં ટ્રક-ડમ્પર, જેસીબી, પોકલેન મશીન જેવાં મહાકાય વાહનોની અવરજવર મોટા પ્રમાણમાં શરૂ થઈ છે.

ગ્રામ પંચાયતના રોડ પર લોકોનાં ઘર સામેથી રેતી ભરેલી ટ્રકો નીકળતી હોવાથી રસ્તો સાંકડો હોવાથી અકસ્માતની દહેશત ઊભી થઈ છે. જ્યાંથી રેતી કાઢવામાં આવે છે તે રસ્તાને અડી બે આંગણવાડી-પ્રાથમિક શાળાઓ આવેલી છે. રસ્તા પરથી દોડતાં ભારે વાહનો અને ઊડતી ધૂળ ડમરીઓને કારણે ગામની માલ મિલકત અને જન આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાં છે. આંગણવાડી-પ્રાથમિક શાળાઓમાં ભણતા તેમજ ઘરઆંગણે રમતાં નાનાં બાળકોની સુરક્ષા સામે પણ સવાલો ઊભા થયા છે.

### નદીના વહેણને અવરોધીને વચ્ચોવચ્ચ રસ્તો બનાવી દીધો, નિયમોની ઐસીતૈસી

પાંચપીપળામાંથી ખનન માફિયાઓએ તાપી નદીના વહેણને અવરોધીને વચ્ચોવચ્ચ રસ્તો બનાવી દીધો છે. નદી વચ્ચે ગેરકાયદે રસ્તો બનાવતા પાણીનું વહેણ રોકાઈને અન્યત્ર રસ્તો કરી આગળ વધી રહ્યું છે. લીઝના નિયમોનો ભંગ કરીને લીઝધારકો પાંચપીપળામાં નદીની રેતી અને વાલોડમાં માટીનું બેફામ ખોદકામ કરવામાં આવતું હોવાના અને ઈસીના નિયમોનો ભંગ થઈ રહ્યો હોવાની ફરિયાદો ઊઠી છે.

### રેતીખનન સ્થળે ખોટી માપણી!

ખાણ-ખનીજ વિભાગના કર્મીઓ કાર્યવાહીના નામે માત્ર દેખાડો કરી રહ્યા છે. રેતી લીઝ સ્થળે દરોડો પાડતા નથી કે લીઝ ધારકોનાં વાહનો સુધ્ધાં પકડતાં નથી. માત્ર રોડ ઉપર દોડતા ટ્રાન્સપોર્ટરોનાં ઓવરલોડ વાહનો પકડી સંતોષ માણી લે છે. તો બીજી તરફ રેતીખનન સ્થળે ખોટી માપણી મેન્શન કરી પોતાનાં આર્થિક પાસાં મજબૂત કરી રહ્યાનો આક્ષેપ ભૂસ્તર વિભાગ સામે સ્થાનિકોએ મૂક્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંકવેલમાંથી દારૂ ભરેલી કાર સાથે ભુરીવેલનો બુટલેગર ઝડપાયો

વ્યારા: સોનગઢના વાંકવેલ ગામે વિઠ્ઠલ બંગલા પાછળ કાચા રસ્તા ઉપર નવા RTOથી પાંખરી જતા રસ્તા ઉપર તા.૨૫/૦૪/૨૦૨૫ના રોજ મધ્ય રાત્રિએ એકલિંગ ઉર્ફે અંકિત તેજુરામ ગુર્જર (ઉ.વ.૨૨) (હાલ રહે.,ભુરીવેલ, નિશાળ ફળિયું, તા.વ્યારા, મૂળ રહે.,જામરો કા વાડિયા, તા.આસીદ, જિ.ભીલવાડા, રાજસ્થાન) મારુતિ ઓમની ફોર વ્હીલ નં.(જીજે ૨૬ એ ૩૯૪૦) (કિં.રૂ.૫૦ હજાર)માં પાછળની સીટની જગ્યામાં વિદેશી દારૂ કિં.રૂ. ૩૮,૪૦૦, મોબાઇલ (કિં.રૂ.૫ હજાર) મળી કુલ કિં.રૂ.૯૩,૪૦૦ના પ્રોહિબિશન મુદ્દામાલ સાથે પકડાઇ જતાં પ્રોહિબિશન મુદ્દામાલ ભરી આપનાર એમ.ડી. વાઇન શોપ નવાપુરમાં કામ કરતા અજાણ્યા ઇસમ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### તાપી જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૧૧૩૩.૧૩ લાખનાં કામો મંજૂર કરાયાં

વ્યારા: તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તથા આદિજાતિ મંત્રી કુંવરજીભાઇ હળપતિ સહિત કલેક્ટર ડો.વિપિન ગર્ગની ઉપસ્થિતિમાં જિલ્લા આયોજન મંડળ વર્ષ-૨૦૨૫-૨૬ની બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે તાપી જિલ્લાના ૭ તાલુકાના અને ૨ નગરપાલિકા સહિત જિલ્લા કક્ષાના આયોજન હેઠળના કુલ ૪૨૩ પ્રજાલક્ષી કામો માટે કુલ રૂ. ૧૦૫૦ લાખની જોગવાઇ સામે કુલ ૧૧૩૩.૧૩ લાખનાં કામો મંજૂર કરાયાં છે.

### બારડોલી-અસ્તાન રેલવે ફાટક રોડ સપ્ટેમ્બર સુધી ટ્રાફિક ડાયવર્ટ કરાયો

બારડોલી: સુરતના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ એક જાહેરનામાં દ્વારા સુરત જિલ્લાના બારડોલી-મઢી વચ્ચેના રેલવે ક્રોસિંગ નં.25 રેલવે પોલ નં.27/15થી 27/16 ખાતે અસ્તાન રેલવે ફાટક પર રોડ ઓવરબ્રિજ બનાવવાના કામે તા.25-9-2025 સુધી વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઇ ટ્રાફિક અવરોધ ઊભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે એ માટે ટ્રાફિકને ડાઈવર્ટ કર્યો છે. જાહેરનામા મુજબ રેલવે ફાટક નં.25 ખાતે રોડ ઓવરબ્રિજ બનાવવાની કામગીરી માટે વાહન વ્યવહાર બંધ રહે એ દરમિયાન તેના વિકલ્પ તરીકે વાહન વ્યવહાર તથા લોકોની અવરજવર માટે અસ્તાન ગામ, ધામડોદ ગામ તથા કડોદ ગામ તરફથી બારડોલી નગરપાલીકા તથા બાબેન સુગર ફેક્ટરી તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે અસ્તાન કેનાલ રોડનો ઉપયોગ કરી શકાશે. અસ્તાન ગામ, ધામડોદ ગામ તથા કડોદ ગામ તરફથી બારડોલી નગરપાલિકા તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે તરસાડા, કડોદ, બારડોલી સરભોણ નવસારી રોડ (એલ.સી.નં.26- ધામડોદ ફાટક) નો ઉપયોગ કરી શકાશે. બારડોલી નગરપાલિકા તથા બાબેન ગામથી અસ્તાન, ધામડોદ તથા કડોદ તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે અસ્તાન કેનાલ રોડનો ઉપયોગ કરી શકાશે. આ હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### અંકલેશ્વરની સંસ્કાર વિદ્યાલયમાં નોકઆઉટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ યોજાઈ



ભરૂચ: અંકલેશ્વર GIDCમાં આવેલા સંસ્કાર વિદ્યાલયમાં તાજેતરમાં નોકઆઉટ ક્રિકેટ ટુર્નામેન્ટ રાખવામાં આવી હતી. આ ટુર્નામેન્ટ છેલ્લાં બે અઠવાડિયાથી ચાલતી હતી. ગુરુવારે આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ વેદાંત પટેલ અને પૃથ્વીરાજસિંહ અટોદરિયાની ટીમ વચ્ચે કશ્મકશ રીતે યોજાઈ હતી. મેચમાં પ્રથમ બેટિંગ પૃથ્વીરાજની ટીમે 10 ઓવરમાં 70 રન બનાવ્યા હતા. જ્યારે વેદાંતની ટીમે માત્ર 9 ઓવરમાં 73 રન બનાવીને વિજેતા બની હતી, જેમાં મેન ઓફ મેચ સિદ્ધરાજસિંહ કઠવડિયા, બોલર ઓફ ધ સીઝન જશ બવાડિયા અને બેટ્સમેન ઓફ ધ સિઝન તરીકે વેદાંત પટેલના નામ જાહેર કરીને સન્માનિત કરાયા હતા. શાળાનાં ટ્રસ્ટી ભારતીબેન દ્વારા દરેક ખેલાડીને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન ઇન્દ્રજીતસિંહ રણાએ કર્યું હતું.

### ભરૂચ રેલવે પોલીસે 5562 દારૂની બોટલો પર બુલડોઝર ફેરવ્યું

ભરૂચ: ભરૂચ રેલવે પોલીસે અલગ અલગ 268 જેટલા ગુનાઓમાં કુલ 6.63 લાખની 5562 વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી. જેના નિકાલ કરવા માટેની કોર્ટે મંજૂરી આપતાં શુક્રવારે ચાવજ પાસે આવેલી વિડીયોકોન કંપનીમાં અવાવરુ જગ્યાએ દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી નાશ કર્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Ground Zero
12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm
Auntypreneur - Gujarati : 05:00pm
Kesari Chapter 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 09:00pm
Mithada Maheman - Gujarati
02:00pm
Jaat : 11:00am, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

---

દમલાઈ ખાતે સાડા આઠ કલાક સુધી લોક સુનાવણી ચાલતાં તંત્ર સ્તબ્ધ!!

## દમલાઈ લિગ્નાઈટ પ્રોજેક્ટમાં કોઈપણ ભોગે એક ઈંચ જમીન પણ નહીં આપીએ

**અગાઉ** GMDC વિભાગ અમારા બાપદાદાને છેતરી ગયો, હવે અમે છેતરાવાના નથી, સ્થાનિકોનું આક્રમક મક્કમ વલણ




ઝઘડિયા, ભરૂચ: દમલાઈ લિગ્નાઈટ પ્રોજેક્ટ અંગે લગભગ સાડા આઠ કલાક સુધી ચાલેલી લોક સુનાવણીમાં ધારાસભ્ય ચૈતર વસાવા સહિત સ્થાનિક અગ્રણી અને ગ્રામજનોએ પ્રચંડ વિરોધ કર્યો હતો. ચૈતર વસાવાએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટમાં અમે કોઈપણ ભોગે એક ઈંચ જમીન આપવા તૈયાર નથી. આ પ્રોજેક્ટથી અહીંના આદિવાસીઓની ઓળખ, અસ્તિત્વ અને અસ્મિતા મટી જશે.

ઝઘડિયા તાલુકાના દમલાઈ ખાતે કલેક્ટર ગૌરાંગ મકવાણા તેમજ GPCBના પ્રાદેશિક અધિકારી વી.ડી.રાખોલીયાની ઉપસ્થિતિમાં GMDC લિગ્નાઈટ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય લોક સુનાવણી રાખવામાં આવી હતી. જેમાં ડેડીયાપાડાનાં MLA ચૈતર વસાવા, પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા, દિલીપ વસાવા, સંદીપ વસાવા, સરલાબેન વસાવા સહિત અસરગ્રસ્ત ગામના ખેડૂતો, સરપંચો સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાએ રાજપારડી લિગ્નાઈટ પ્રોજેક્ટ જોયા બાદ પર્યાવરણીય અસરો થતા લોકો તમામ સમસ્યાથી હેરાન થાય છે, જેથી કોઈપણ ભોગે જમીન આપીશું નહીં.

પડવાણીયા ગામના અગ્રણી કનુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, કોઈની તાકાત નથી કે અમારી જમીન છીનવી શકે. અગાઉ GMDC વિભાગ અમારા બાપદાદાને છેતરી ગયો, હવે અમે છેતરાવાના નથી. વધુમાં તેમણે તંત્ર પર આક્રોશ ઠાલવતા જણાવ્યું કે અમારા આદિવાસીઓની જમીન કોઈપણ રીતે સંપાદન કરવા કેટલાક દલાલો તમે બજારમાં છોડ્યા છે? GMDCની નીતિ રહી છે કે ભાગલા પાડો અને રાજ કરો. અસરગ્રસ્તોએ GMDC અને તેમની કન્સલ્ટન્ટ કંપની પાસે કેટલીક મંજૂરીઓ માંગી હતી, પણ મંજૂરી બતાવવામાં આવી ન હતી. જેને લઈને આગેવાનોએ આક્રોશપૂર્વક જણાવ્યું કે તમારી પાસે પ્રોજેક્ટને લગતી એક પણ મંજૂરી નથી, તો અહીં કેમ આવ્યા છો? એવો વેધક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

રજૂઆત કરનારાઓએ કહ્યું હતું કે જમીન હડપવાનું સરકારનું ષડયંત્ર છે. નર્મદા વિસ્થાપિતોની જે હાલત આટલાં વર્ષો પછી પણ છે, એવી જ હાલત માટે દમલાઈ લિગ્નાઈટ વિસ્થાપિતો માટે કારસો ઘડી કાઢ્યો છે. જેને લઈને જમીન અમે આપવા તૈયાર નથી.

### બે કંપનીએ MOU કર્યા હોવાનો પ્રશ્ન લોક સુનાવણીમાં ઉછાળ્યો

લિગ્નાઈટ કાઢવા પાછળ આ વિસ્તારમાં લગભગ બે મોટી કંપનીઓ પાવર પ્રોજેક્ટ માટે આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. લોકસુનાવણીમાં એક પ્રશ્ન ચર્ચાયો હતો કે શું અહીં રિલાયન્સ અને ટોરેન્ટ પાવર પ્લાન્ટે MOU કર્યા છે? જેનો જવાબ મળ્યો ન હતો.

## વમલેશ્વર ગામે સંગમ સ્થળે સુવિધાના અભાવે નર્મદા પરિક્રમાવાસીઓનો હોબાળો

**હોડી** દિવસના બદલે રાત્રિના લઈ જતા હોવાથી પરિક્રમાવાસીઓનો ગુસ્સો આસમાને



ભરૂચ: હાંસોટના વમલેશ્વર ગામે નર્મદા પરિક્રમાવાસીઓએ હંગામો મચાવ્યો હતો. સંગમ સ્થળે કોઈપણ જાતની સુવિધા ન હોવાના આક્ષેપ વચ્ચે તેઓએ હોડીઘાટની બુકિંગ ઓફિસમાં હોબાળો મચાવતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી.

વમલેશ્વર હોડીઘાટ ખાતે સુવિધાઓના મુદ્દે તેમજ હોડીમાં દિવસના બદલે રાત્રિના લઈ જવાના મુદ્દે લક્ઝરી બસ અને બાઈક સહિત પગપાળાં આવેલા 100થી વધુ પરિક્રમવાસીએ ભારે હોબાળો મચાવ્યો હતો. રહેવા, જમવા તેમજ અન્ય પ્રાથમિક સુવિધા અપાતી ન હોવાના આક્ષેપ સાથે પરિક્રમાવાસીઓ નારાજ થયા હતા.

દહેજ જેટી તરફ દરિયાઈ પવન વધુ હોવાથી તંત્રની સૂચના બાદ હોડી દિવસના બદલે રાત્રિના લઈ જતા હોવાથી પરિક્રમાવાસીઓનો ગુસ્સો આસમાને પહોંચ્યો હતો. બુકિંગ ઓફિસમાં મહિલા કમર્ચારી સહિત અન્ય એક કર્મચારીને પણ ધક્કે ચઢાવ્યા હતા.

આ અંગે વમલેશ્વર ગામ આગેવાન કૌશિક પટેલે જણાવ્યું હતું કે 100 જેટલા પરિક્રમાવાસીઓ એકત્ર થઈ ગયા હતા અને પ્રાથમિક સુવિધાઓના મુદ્દે રજૂઆતો કરી હતી. દરિયાઈ પવનનું જોર ઘટ્યું હોવાનું જણાવતાં તમામને સંગમ સ્થળ પાર કરાવવા માટે મોકલી આપવામાં આવતાં મામલો થાળે પડ્યો હતો.

## કેદારેશ્વર મંદિર નજીક મીંઢોળા નદીમાં ડૂબી જતાં વિધવાનું મોત

બારડોલી: બારડોલી શહેરને અડીને આવેલા સુપ્રસિદ્ધ કેદારેશ્વર મહાદેવ મંદિર પાસે વહેતી મીંઢોળા નદીમાં ડૂબી જવાથી એક પરિણીત મહિલાનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટના આજે સવારે બની હતી.

મૃતક મહિલાની ઓળખ બારડોલીના માણેકપોર ગામે પટેલ ફળિયામાં રહેતી જાગૃતિબેન જિગ્નેશભાઈ પટેલ (ઉં.વ.46) તરીકે થઈ છે. જાગૃતિબેનના પતિનું કોરોના મહામારી દરમિયાન અવસાન થયું હતું અને તેઓ તેમના પુત્ર સાથે સાસરે રહેતાં હતાં. જો કે, સાસરીમાં અવારનવાર થતાં મનદુ:ખના કારણે તેઓ ઘણીવાર ઘર છોડીને બારડોલીના કેદારેશ્વર મંદિર અથવા મૂળ વતન આફવા ખાતે પિતાના ઘરે જતા રહેતાં હતાં અને સમજાવટ બાદ પાછા ફરતાં હતાં. આશરે દસેક દિવસ પહેલાં પણ જાગૃતિબેન કોઈક કારણોસર સાસરેથી નીકળીને કેદારેશ્વર મંદિર મુકામે આવી ચઢ્યાં હતાં અને ત્યાં જ રહેતાં હતાં. શુક્રવારે સવારે જાગૃતિબેન મીંઢોળા નદીના ઓવારા પર કપડાં ધોવા અને નાહવા માટે ગયાં હતાં. દરમિયાન અગમ્ય કારણોસર તેઓ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં સ્થાનિકો અને પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને આખરે તેમનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો હતો. બારડોલી પોલીસે આ સમગ્ર મામલે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ફૂલવાડીમાં પાંચેક લાભાર્થીને આવાસની મજૂરી ચૂકવાઈ નથી

વ્યારા: ઉચ્છલના ફૂલવાડી ફળિયાના પાંચેક લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના ૨૦૨૩માં મકાન સહાય આપવામાં આવી હતી. મકાન બાંધકામ પેટે વ્યક્તિગત રીતે રૂ.૧.૨૦ લાખ ચૂકતે કર્યા હતા. મકાનનું કામ છ માસમાં પૂર્ણ કરે રૂ.૨૦ હજાર આપવા જણાવ્યું હતું. તે રકમ પણ ચૂકવવામાં આવી, આવાસ પૂર્ણ થયાની ફોટોગ્રાફી પણ કરી લેવામાં આવી, પરંતુ મજૂરી પેટે ચૂકવવાનાં રહેતા રૂ.૨૩૦૪૦ હજુ સુધી આપવામાં આવ્યા નથી તેવી રજૂઆત સાથે આ પ્રશ્નને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં મૂકવા પાંચેક લાભાર્થીએ મામલતદારને રજૂઆત કરી છે.

## માંડવા ટોલનાકા નજીક ટ્રકમાંથી ક્રૂરતાપૂર્વક લઈ જવાતાં 62 બકરાં મુક્ત કરાવાયાં, ચાલકની ધરપકડ

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસે નેશનલ હાઈવે-48ના માંડવા ટોલનાકા નજીકથી ક્રૂરતાપૂર્વક લઈ જવાતા 62 બકરાને મુક્ત કરાવ્યા હતા.

પોલીસને બાતમી મળી હતી કે હાઈવે પર પશુઓની ક્રૂર રીતે હેરાફેરી થઈ રહી છે, જેના આધારે માંડવા ગામ પાસેના ટોલ પ્લાઝા નજીક વોચ ગોઠવવામાં આવી હતી. ત્યારે શંકાસ્પદ ટ્રક નં-GJ-24 V-8648ને રોકીને તપાસ કરતા ટ્રકમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં 62 બકરા મળી આવ્યા હતા. પોલીસે ટ્રકચાલક કમરૂદ્દીન મયુદ્દીન નાગોરીની ધરપકડ કરી છે. તે પાટણના સિદ્ધપુર વિસ્તારનો રહેવાસી છે. બકરા ભરાવનાર આરોપી મહેદીઅલીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આરોપીઓ વિરુદ્ધ પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૮૭/૨૦૨૪
તા.૨૦/૦૩/૨૦૨૫

વાદી :- અંછીભાઇ છીપકાભાઇ ચૌધરી, રહે.રતનીયા, આમલી ફળિયું, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી રતનીયા ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અંછીભાઇ છીપકાભાઇ ચૌધરી, રહે.રતનીયા, આમલી ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના પત્ની કંકુબેન અંછીભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કંકુબેન અંછીભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૮/૦૩/૨૦૧૫ ૩. મરણનું સ્થળ: મોજે.રતનીયા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે કંકુબેન અંછીભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત

**જાહેર નોટીસ - વી.સી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**

કેસ
નં. ૨૨૧/૨૦૨૫

અરજદાર : નામ:- ગણેશબાબુ પ્રભાકરભાઈ વળવી રહે:-આમોદા ત.સતોણા તા. કુકરમુંડા જિ.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી રહે:-ગ્રામ પંચાયત, ફુલવાડી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, વળવી ગણેશબાબુ પ્રભાકરની જન્મ તા.૧૧/૧૦/૧૯૬૦ ના રોજ મોજે.કુકરમુંડા તા. કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી કચેરી ગ્રામ પંચાયત, ફુલવાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી (વી.સી.પટેલ)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

DARSHAN SAKARIYA
ADVOCATE
HIGH COURT OF GUJARAT

**ટાઈટલ રીપોર્ટ / વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને આ ટાઇટલ કલીયરન્સ/વેચાણ અંગેની જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ : ભરૂચ, સબ - ડીસ્ટ્રીકટ તાલુકે : જંબુસરના મોજે ગામ ઉબેરનાં બ્લોક/સરર્વે નંબર ૧૪૦૨, જૂનો સર્વે નં.૯૫૬ પૈકી ૩, ખાતા નં. ૭૯૬, ક્ષેત્રફળ ૧-૨૦-૪૦, આકાર રૂા.૧૩.૧૨ વાળી જૂની શરતની જમીન મિલકત હાલમાં ૭/૧૨, ૮-અ રેવન્યુ રેકર્ડ પર વજેસંગ છત્રસંગની માલીકીની કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું તથા સદરહું મીલકત અંગે સાટાખત/બાનાખત કે અન્ય કોઈપણ વ્યકિત, સરવા, પેઢી, કંપનીને વેચાણ અંગેના કોઈ પણ પ્રકારના લેખ/લેખાણો કરી આપેલ નથી કે કૌટુંબીક તર-તકરાર નથી તેમ જણાવી અમોને ટાઇટલ કલીયર વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનનાં વેચાણ તથા ટાઇટલ સંબંધે સદર જમીન માલીકો સીવાય અન્ય કોઈ વ્યકિત, ઈસમો, બેંક કે સંસ્થાનો કોઈ પણ જાતનો હકક, હિત, હિસ્સો, વાંધો-વિરોધ, બોજો, લાગભાગ, દરદાવો, ખાધાખોરાકી-પોષાકી, હક-દાવો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં અમોને રૂબરૂ જાણ કરવી. જો નીયત સમયમાં કોઈ ના વાંધા તકરાર આવશે નહી, કે તેવું કાંઇ માલુમ પડશે નહી તો જે તે વ્યક્તિ દ્વારા પોતાના વાંધા તકરાર વેવ યાને જતા કરેલ છે. તેવું માનવાને સ્પષ્ટ કરાણ રહેશે, તેમજ તે અંગે પાછળથી કાઈની કોઇ પણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ અને તેવા તમામ હકકો છોડી દિધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી ટાઇટલ રિપોર્ટ અમો મારફતે આપવામાં આવશે. તેમજ અમો સદરહુ જમીનનો બાકીનો પુરેપુરો વેચાણ અવેજ ચૂકવી અમોના નામે અથવા અમો કહે તે નામનો પાકો. રજી. દસ્તાવેજ કરાવી લેશું. જેની લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

A-1104, EMPIRE BUSINESS HUB, SCIENCE CITY ROAD, SOLA, AHMEDABAD-380060. M:+91 7041145555. Darshansakariya32@gmail.com

**વેચાણ સોદો રદ કર્યા અંગેની જાહેર નોટીશ**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે હમારા અસીલ હિરાભાઈ જેસાભાઈ આહિરનાઓએ મોજે મોતા, તા. બારડોલી, જી. સુરતના રેવન્યુ દફ્તરે રે.સ.નં.૭૦૧/૧+૨+૩/અ, બ્લોક નં.૧૧૭૪થી નોંધાયેલી કુળ હે.૧-૬૭-૯૫ચો.મી., ખાતા નં.૧૨૭, આકાર રૂા.૨૪=૧૯પૈસા વાળી ખેતીની જુની શરતની જમીનના માલિક હરેશકુમાર મગનભાઈ દેસાઈ તથા મોજે મોતાના જ રેવન્યુ સર્વે નં.૭૦૧/૧+૨+૩, બ્લોક નં.૧૧૭૫થી નોંધાયેલ કુલ હે.૧-૬૭-૯૫ચો. મી., 'ખાતા નં.૧૨૯, આકાર રૂા.૨૪=૧૨પૈસા વાળી ખેતીની જુની શરતની જમીનના માલિક હેમંતકુમાર મગનલાલ દેસાઈ બંને રહે: મોતા, તા. બારડોલી, જી. સુરતનાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જમીનો ખરીદ કરવા નક્કી કરી વેચાણ અંગેની જાહેર નોટીશ તા.૧૬-૦૪-૨૦૨૫ના રોજના દૈનિકપત્ર ગુજરાત મિત્રમાં આપેલી. પરંતુ હમારા અસીલની કૌટુંબિક તથા આર્થિક અગવડતાને લીધે ઉપરોક્ત જમીન માલિકોને પરિસ્થિતીથી વાકેફ કરતાં રાજીખુશીથી સોદો કેન્સલ કરેલ છે. ઉપરોક્ત વ્યવહાર અંગેનો તમામ હિસાબ સમજાય ગયેલ છે. હવેથી ઉપરોક્ત જમીન ઉપર હમારા અસીલના જમીન ખરીદવાના કોઈપણ જાતના હકક કે અધિકાર રહ્યા નથી અને ઉપરોક્ત જમીનના જ ઉપર જણાવેલ માલિકો સ્વતંત્ર રીતે પોતાની મન ચાહે તે રીતે જમીન સબંધી વ્યવહાર કરવા હકદાર હતા અને છે. જે બદલ આ અગાઉ આપેલ વેચાણની નોટીશ રદ કરતી જાહેર નોટીશ જાહેર હિતમાં પ્રસિધ્ધ કરાવેલ છે.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી એન્ડ હાર્દિક એ. મોદી-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩